(૧૦)

**પ્ર.૧ (અ) માત્ર સંખ્યા લખો.** **(૨)**

૧. સામાયિકની કોટિ – **૯/૮/૬**　　　　૨. આભ્યંતર પરિગ્રહ – **૧૪**

૩. અનાચાર – **પ૨**　　　　૪. વિક્લેન્દ્રિયની જીવાયોનિ – **૬ લાખ**

**(બ) બીજા શ્રમણસૂત્રના આધારે મૂળ પાઠ લખો.** **(૨)**

| | જવાબ |
|---|---|
| ૧. હાથમાં ઘડિયાળ પહેરી હોય તેની પાસેથી વહોર્યું હોય. | **અણેસણાએ** |
| ૨. ગાય માટે બનાવેલી રોટલી વહોરી હોય. | **મંડી પાહુડિયાએ** |
| ૩. ઉપરથી કોથમીર નાંખી હોય તેવી ભિક્ષા લીધી હોય. | **હરિય ભોયણાએ** |
| ૪. સાધુ માટે બનાવેલો આહાર લીધો હોય. | **ઉગ્ગમેણં** |

**(ક) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૬)**

૧. નિર્ગ્રંથ પ્રવચન કેવું છે? મૂળ પાઠ લખો.

**જ. સચ્ચં, અણુત્તરં, કેવલિયં, પડિપુન્નં, નેઆઉયં, સંસુદ્ધં, સલ્લકત્તણં, સિદ્ધિ મગ્ગ, મુત્તિ મગ્ગં, નિજ્જાણં મગ્ગં, નિવ્વાણ મગ્ગં, અવિતહમવિસંધિ, સવ્વ દુક્ખ પહીણમગ્ગં.**

૨. પાંત્રીસ ...... લક્ષણે પાઠ પૂર્તિ કરો.

**જ.** પાંત્રીસ **પ્રકારની સત્ય વચન વાણીના ગુણે કરી સહિત છે. એક હજાર ને અષ્ટ ઉત્તમ** લક્ષણે.

૩. તહ, પથ્થર, હાસ્યે, ભવ્ય આ ચાર શબ્દ કયા પાઠમાં આવે છે?

**જ.** તહ – **પ્રતિક્રમણના બીજા પાઠમાં, સામાયિકના પાંચમા પાઠમાં**　　પથ્થર – **છટ્ઠા ખામણામાં**

હાસ્યે – **આલોયણા સૂત્રમાં**　　ભવ્ય – **માંગલિકમાં, પહેલા ખામણામાં, ત્રીજા ખામણામાં**

(૭૫)

**પ્ર.૨ (અ) પુચ્છિંસ્સુણં સૂત્રના આધારે જવાબ લખો.** **(૩૦)**

**(૧) નીચેની ગાથાઓ પૂર્ણ કરી ભાવાર્થ લખો.** **(૨૦)**

૧. જહા સયંભૂ...... **પાના નં. ૮૯ ગાથા ૨૦**　　૨. ઉડ્ઢં ...... **પાના નં. ૮૨ ગાથા ૪**

૩. પુટ્ઠે ...... **પાના નં. ૮પ ગાથા ૯**　　૪. ગિરીવરે ....... **પાના નં. ૮૭ ગાથા ૧પ**

પ. સે વારિયા ...... **પાના નં. ૯૨ ગાથા ૨૮**

**(૨) નીચેના શબ્દોના અર્થ લખો.** **(૪)**

| | જવાબ | | જવાબ |
|---|---|---|---|
| ૧. દેવાહિવ | **દેવોના અધિપતિ** | ૨. અણિએ | **અપ્રતિબદ્ધ** |
| ૩. પણયા | **પ્રજ્ઞાથી** | ૪. આસિ | **કેવા હતા** |
| પ. ચક્ખુપહે | **ચક્ષુપથમાં** | ૬. જિણાણં | **જિનેશ્વર** |
| ૭. દીહરાયં | **જાવજ્જીવ (દિવસ અને રાત)** | ૮. જહ | **જેમ** |

**(૩) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૬)**

૧. અન્ય દાર્શનિકો કોણ કોણ છે? તે લખી માત્ર ગાથા લખો. (અર્થ નહિ)

**જ. શ્રમણો, બ્રાહ્મણો, ગૃહસ્થો, અન્ય દાર્શનિકો – પાના નં. ૮૧ ગાથા ૧**

૨. ભગવાન કોના સમાન સર્વોત્તમ હતા? કોને કેવી રીતે હર્ષ ઉત્પન્ન કરાવનાર હતા? જ્ઞાનના કિરણો કોને પ્રકાશિત કરતા હતા? કોના મધ્યબિંદુ હતા?

**જ. પર્વતોમાં સર્વશ્રેષ્ઠ મેરૂપર્વત સમાન સર્વોત્તમ હતા. ભગવાન અનેક ગુણોથી યુક્ત હોવાથી તેમની પાસે આવનારને હર્ષ ઉત્પન્ન કરાવનારા હતા. જ્ઞાનના કિરણો લોકાલોકના સર્વ ભાવોને પ્રકશિત કરતા હતા. તેઓ ધર્મ સાધકોની ભક્તિભાવના મધ્યબિંદુ હતા.**

૩. તપમાં શું શ્રેષ્ઠ છે? તે દર્શાવતી ગાથા લખો.

**જ. બ્રહ્મચર્ય – પાના નં. ૯૦ ગાથા ૨૩**

**(બ) કાયસ્થિતિના આધારે જવાબ લખો. (૩૦)**

**(૧) કોઠો બનાવીને નીચેના બોલની જઘન્ય અને ઉત્કૃષ્ટ કાયસ્થિતિ લખો. (૧૦)**

૧. કેવળજ્ઞાન ૨. વેદક સમકિત ૩. સંસાર પરિત્ત ૪. સ્ત્રીવેદ ૫. બાદર નિગોદ પર્યાપ્તા
૬. તિર્યંચ ૭. ધર્માસ્તિકાય ૮. અભાષક સંસારી ૯. સંજ્ઞી ૧૦. ભવસ્થ સયોગી કેવળી અણાહારક

**જ.**

| બોલનું નામ | જઘન્ય સ્થિતિ | ઉત્કૃષ્ટ સ્થિતિ |
|---|---|---|
| ૧. કેવળજ્ઞાન | – | સાદિ અનંત |
| ૨. વેદક સમકિત | ૧ સમય | ૬૬ સાગર સાધિક |
| ૩. સંસાર પરિત્ત | અંતર્મુહૂર્ત | દેશે ઊણું અર્ધ પુદ્ગલ પરાવર્તન કાળ |
| ૪. સ્ત્રીવેદ | ૧ સમય | ૧૧૦ પલ્ય, પ્રત્યેક ક્રોડ પૂર્વ અધિક |
| ૫. બાદર નિગોદ પર્યાપ્તા | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| ૬. તિર્યંચ | અંતર્મુહૂર્ત | અનંતકાળ (વનસ્પતિકાળ) |
| ૭. ધર્માસ્તિકાય | – | સર્વ કાળ |
| ૮. અભાષક સંસારી | અંતર્મુહૂર્ત | અનંતકાળ (વનસ્પતિકાળ) |
| ૯. સંજ્ઞી | અંતર્મુહૂર્ત | પ્રત્યેક સો સાગર સાધિક |
| ૧૦. ભવસ્થ સયોગી કેવળી અણાહારક | અજઘન્ય અનુત્કૃષ્ટ ૩ સમય | |

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૫)**

૧. પુઢવી કાળ અને વનસ્પતિ કાળ એટલે શું? કાયસ્થિતિના ૯ થી ૧૨ દ્વારના નામ લખો. (૫)

**જ. પુઢવી કાળ – દ્રવ્યથી અસંખ્યાતી અવસર્પિણી ઉત્સર્પિણી કાળ, ક્ષેત્રથી અસંખ્યાતા લોકના આકાશપ્રદેશ ખાલી થાય તેટલો કાળ, કાળથી અસંખ્યાતો કાળ, ભાવથી આંગુલના અસંખ્યાતમા ભાગ જેટલો લોક. વનસ્પતિ કાળ – દ્રવ્યથી અનંતી અવસર્પિણી ઉત્સર્પિણી કાળ, ક્ષેત્રથી અનંતો લોક, કાળથી અનંતો કાળ, ભાવથી આંગુલના અસંખ્ય પુદ્ગલ પરાવર્તન. તે આવલિકાના અસંખ્યાતમા ભાગમાં જેટલા અસંખ્યાતા સમય જાય તેટલા પુદ્ગલ પરાવર્તન.**

**૯) સમ્યક્ત્વ, ૧૦) જ્ઞાન, ૧૧) દર્શન, ૧૨) સંયત.**

૨. ચારિત્ર કેટલા છે? કયા? વર્તમાને ભરતમાં કેટલા અને કયા કયા ચારિત્ર છે? તેની સ્થિતિ લખો. (૪)

**જ. ચારિત્ર પાંચ છે. સામાયિક ચારિત્ર, છેદોપસ્થાપનીય ચારિત્ર, પરિહાર વિશુદ્ધ ચારિત્ર, સૂક્ષ્મ સંપરાય ચારિત્ર, યથાખ્યાત ચારિત્ર. વર્તમાને ભરતમાં ૨ ચારિત્ર હોય. સામાયિક અને છેદોપસ્થાપનીય બંનેની સ્થિતિ – જઘન્ય ૧ સમય ઉત્કૃષ્ટ ૧૦૦ વર્ષ ઝાઝેરું.**

૩. કાયયોગની ઉત્કૃષ્ટ સ્થિતિ કેટલી છે? શા માટે? (૨×૩)

**જ. અનંતકાળ (વનસ્પતિકાળ) કારણ કે કોઈપણ કાયયોગ અંત.થી વધારે ટકતો નથી. માત્ર એકેન્દ્રિયપણામાં જ કાયયોગ અનંતકાળ સુધી ટકે છે તે અપેક્ષાએ ઉ. સ્થિતિ કહી છે.**

૪. એકેન્દ્રિયની જઘન્ય સ્થિતિ અંત.ની શા માટે? અનિન્દ્રિય એટલે શું?

**જ. કોઈ જીવ બેઈન્દ્રિય આદિમાંથી નીકળીને એકેન્દ્રિય બનીને અંત.માં પાછો બેઈન્દ્રિય આદિમાં ચાલ્યો જાય તે અપેક્ષાએ એકેન્દ્રિયની જઘન્ય સ્થિતિ અંત.ની કહી છે. અનિન્દ્રિય એટલે જેમને દ્રવ્ય ઈન્દ્રિય છે પણ કેવળજ્ઞાન હોવાને કારણે દ્રવ્ય ઈન્દ્રિયનો ઉપયોગ કરતા નથી.**

૫. ઉ. કાયસ્થિતિ ૭૦ ક્રોડાક્રોડી સાગર અને ૩૩ સાગરની હોય તેવા બોલના નામ લખો.

**જ. ઉ. કાયસ્થિતિ ૭૦ ક્રોડાક્રોડી સાગર – બાદર પૃથ્વીકાય, બાદર અપ્કાય, બાદર તેઉકાય, બાદર વાઉકાય, બાદર વનસ્પતિકાય, બાદર નિગોદ અને ૩૩ સાગર – નારકી, દેવતા.**

**(૨) ખાલી જગ્યા પૂરો.** **(૫)**

| | **જવાબ** |
|---|---|
| ૧. સિદ્ધ પર્યાયની ....... હોય છે પણ ....... હોતો નથી. | **આદિ, અંત** |
| ૨. ....... થી ........ ગુણસ્થાનના જીવો સકષાયી હોય છે. | **એક, દશ** |
| ૩. શ્રેણી ........ અને ....... નો કાળ અંત. જ હોય છે. | **ચડવા, પડવા** |
| ૪. લોભ કષાયની જ. ........ અને ઉ. ........ સ્થિતિ છે. | **એક સમય, અંતર્મુહૂર્ત** |
| ૫. સંસાર અપરિત્તમાં ....... અને ....... જીવો હોય છે. | **ભવી, અભવી** |

**(ક) બાર તપના આધારે જવાબ લખો.** **(૧૫)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૧૨)**

૧. ભક્તપાન ઉણોદરીના કેટલા પ્રકાર છે? પહેલા ચાર પ્રકાર લખો.

**જ. ભક્તપાન ઉણોદરીના છ ભેદ છે. ૩૨ કવલે પૂરો આહાર સમજવો તેમાં ૧) પોણી ઉણોદરીવાળા ૮ કવલ (કોળિયા) આહાર કરે, ૨) અર્ધ ઉણોદરીથી કાંઈક વધુવાળા ૧૨ કવલ આહાર કરે, ૩) અર્ધ ઉણોદરીવાળા ૧૬ કવલ આહાર કરે, ૪) અર્ધ ઉણોદરીથી કાંઈક ઓછીવાળા ૨૦ કવલ આહાર કરે.**

૨. પ્રાયશ્ચિત્તના કુલ કેટલા અને કયા કયા ભેદ?

**જ. પ્રાયશ્ચિત્તના કુલ ભેદ – ૫૦. ૧૦ પ્રાયશ્ચિત્તના ભેદ, તેમાં ૧૦ પ્રતિસેવના, ૧૦ પ્રાયશ્ચિત્ત દેવાવાળાના ગુણ, ૧૦ પ્રાયશ્ચિત્ત લેવાવાળાના ગુણ અને ૧૦ પ્રાયશ્ચિત્તના દોષ એમ સઘળા મળીને પ્રાયશ્ચિત્ત તપના કુલ ૧૦ × ૫ = ૫૦ ભેદ થાય છે.**

૩. લોકોપચાર વ્યવહાર વિનયના કોઈપણ ચાર ભેદ લખો.

**જ. ૧) ગુરુજનો, સત્પુરુષો પાસે બેસે, ૨) ગુરુ આદિની આજ્ઞા પ્રમાણે વર્તે, ૩) ગુરુ આદિ પાસેથી વિદ્યા પ્રાપ્ત કરવા અથવા જેની પાસેથી વિદ્યા લીધી છે તેની સેવા કરે, ૪) ઉપકાર યાદ કરીને ગુરુજનોની કૃતજ્ઞતા પૂર્વક સેવા કરે, ૫) રોગી, વૃદ્ધ, ગુરુ આદિની ચિંતા, દુઃખ જાણીને તે દૂર કરે, ૬) દેશ, કાળ અનુસાર પ્રભુ આજ્ઞા પ્રમાણે ઉચિત્ત પ્રવૃત્તિ કરે, ૭) નિંદ્ય પ્રવૃત્તિ ન કરે, સર્વને અનુકૂળ કાર્ય કરે.**

૪. વ્યુત્સર્ગ એટલે શું? દ્રવ્ય કાયોત્સર્ગના ભેદ લખો.

**જ. વ્યુત્સર્ગ એટલે આત્માથી અલગ પદાર્થોનો ત્યાગ. દ્રવ્ય કાયોત્સર્ગના ચાર ભેદ છે – ૧) શરીરના મમત્વનો ત્યાગ કરે, ૨) સંપ્રદાયના મમત્વનો ત્યાગ કરે, ૩) વસ્ત્ર, પાત્ર આદિ ઉપકરણનું મમત્વ ત્યાગે, ૪) આહાર પાણી આદિ પદાર્થોનું મમત્વ ત્યાગે.**

૫. પ્રતિસંલીનતાનો ૧૩ મો ભેદ કયો છે? તે લખો.

**જ. વિવિક્ત શય્યાસન સેવન પ્રતિસંલીનતા – સ્ત્રી, પુરુષ, નપુંસક રહિત ઉદ્યાન, ચૈત્ય, દેવાલય, દુકાન, વખાર, સ્મશાન, ઉપાશ્રય આદિ સ્થાને રહીને પાટ, પાટલા, બાજોઠ, પાટીયાં, બિછાના, વસ્ત્ર–પાત્ર આદિ પ્રાસુક, નિર્જીવ, એષણીય અંગીકાર કરી વિચરવું.**

૬. વિગયના નામ લખો. તે કયા તપનો કેટલામો ભેદ છે? તે તપના કેટલા ભેદ છે?

**જ. દૂધ, દહીં, ઘી, તેલ, ગોળ, સાકર. તે રસપરિત્યાગનો પહેલો ભેદ છે. તે તપના નવ ભેદ છે.**

**(૨) નીચેના કાર્યો કયા તપના છે?** **(૩)**

| | **જવાબ** |
|---|---|
| ૧. ગૃહસ્થની થાળીમાં પડેલી હોય તે રોટલી લે. | **વૃત્તિસંક્ષેપ તપ** |
| ૨. સંઘની સેવા કરવી. | **વૈયાવચ્ચ તપ** |
| ૩. સૂત્રનું ચિંતન કરવું. | **સ્વાધ્યાય તપ** |
| ૪. લોકના આકારનો વિચાર કરવો. | **ધ્યાન તપ** |
| ૫. સુકોશલ મુનિએ સંથારો કર્યો. | **અનશન તપ** |
| ૬. થૂંકવું નહિ. | **કાય ક્લેશ તપ** |

**પ્ર.૩ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. ગૌતમ સ્વામીનો પરિચય આપો. તેઓ કોના શિષ્ય હતા? તેમના ગુરુ કેવા હતા? તેઓ પોતાના પરિવાર સાથે ક્યાં ઉતર્યા? (૫)

**જ. ગૌતમ સ્વામી મહાવીર સ્વામીના પ્રથમ શિષ્ય ગણધર હતા. વિદ્યા, જ્ઞાન અને ચારિત્રના પારગામી હતા. આચારાંગ સૂત્રના જાણકાર, ૧૨ મા દષ્ટિવાદ સૂત્રના જ્ઞાતા, તત્ત્વજ્ઞાની, શિષ્યોના પરિવાર સહિત વિચરતા હતા.**

**તેમના ગુરુ ધર્મતીર્થની સ્થાપના કરવાવાળા, રાગ–દ્વેષને જીતનારા ભગ. મહાવીર સ્વામી સંપૂર્ણ લોકમાં સર્વજ્ઞ, સર્વદર્શી તીર્થંકર હતા, તે દીપક સમાન હતા.**

**ગૌતમ સ્વામી શ્રાવસ્તી નગરીની પાસે કોષ્ઠક નામના બગીચામાં જ્યાં બાજોઠ આદિ સુલભ હતા, ત્યાં જીવ રહિત સ્થાનમાં તેના માલિકની આજ્ઞા લઈને ઊતર્યા.**

૨. પાર્શ્વનાથ સ્વામીએ અને મહાવીર સ્વામીએ જે ધર્મ બતાવ્યો છે તે બંને વચ્ચે શા માટે તફાવત છે? (૪)

**જ. ભરત અને ઈરવત ક્ષેત્રમાં પ્રથમ તીર્થંકરના સાધુ સરળ અને મંદ મતિવાળા હોય છે. અંતિમ તીર્થંકરના સાધુ વક્ર અને જડ હોય છે. જ્યારે મધ્યના ૨૨ તીર્થંકરના સાધુ ઋજુ અને બુદ્ધિમાન હોય છે. પ્રથમ તીર્થંકર ના સાધુઓને સાધુ આચાર સમજવો કઠીન હોય છે અને અંતિમ તીર્થંકરના સાધુઓને સાધુ આચારનું પાલન કરવું કઠીન હોય છે, પરંતુ મધ્યના બાવીસ તીર્થંકરના સાધુઓને સાધુ આચાર સમજવો અને તેનું પાલન કરવું બંને સરળ હોય છે.**

૩. શેના પર ઝેરી ફળ આવે છે? તેને કેવી રીતે ફેંકવાનું છે? અમોઘ શસ્ત્ર કયું છે? (૨×૩)

**જ. સાંસારિક પદાર્થોની ઈચ્છા અને લાલસાની લતા છે, તે ભયંકર છે. તેમાં આવેશ, આવેગ, લોભ વગેરે ભયંકર ઝેરી ફળ આવે છે. તે લતાને સંતોષ દ્વારા મૂળ સહિત ઉખેડીને ફેંકવાનું છે. સંતોષ એ ભવતૃષ્ણા છેદન કરવા માટેનું અમોઘ શસ્ત્ર છે.**

૪. ધર્મ દ્વીપ કોના માટે છે? તે કેવો છે? કયા પ્રાણીઓ પાર ઉતરે છે?

**જ. જન્મ, જરા અને મરણના વેગમાં તણાતા પ્રાણીઓ માટે ધર્મ દ્વીપ છે. તે આધારરૂપ, ગતિરૂપ અને ઉત્તમ શરણરૂપ છે. ધર્મ જ એક એવો દ્વીપ છે જેનો આશ્રય લઈ પ્રાણીઓ સંસારરૂપી દ્વીપથી પાર ઉતરે છે.**

**૫. સંશયનું નિવારણ થયા પછી કેશી કુમાર શ્રમણે શું કર્યું?**

**જ. સંશયનું નિવારણ થયા પછી ઘોર પરાક્રમી કેશી કુમાર શ્રમણે મહાયશસ્વી ગૌતમ સ્વામી શિર નમાવીને અભિવંદના કરીને ત્રેવીસમા તીર્થંકરના શાસનનો ત્યાગ કરીને, ચોવીસમા તીર્થંકરના શાસનમાં પ્રવેશ કરીને પાંચ મહાવ્રતરૂપ ધર્મનો ભાવપૂર્વક સ્વીકાર કર્યો અને સુખાકારી માર્ગમાં વિચરણ કરવા લાગ્યા.**

**અથવા**

**પ્ર.૩ ભક્તામરના આધારે જવાબ લખો.**

**(૧) નીચેની ગાથાઓ પૂર્ણ કરી ભાવાર્થ લખો.** **(૧૨)**

૧. વક્ત્રં ........ **પાના નં. ૧૩૦ ગાથા ૧૩**

૨. નિત્યોદયં ......... **પાના નં. ૧૩૩ ગાથા ૧૮**

૩. ત્વામવ્યયં ........ **પાના નં. ૧૩૬ ગાથા ૨૪**

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૩)**

| | **જવાબ** |
|---|---|
| ૧. કાળા વાદળા કોને આવરી શક્તા નથી? | **આપના દર્શનરૂપી મહાપ્રભાવને** |
| ૨. હરિહર આદિ દેવોને જોયા પછી કવિને શું લાગે છે? | **મારું મન તો આપને વિષે જ સંતોષ પામે છે** |
| ૩. જે નિત્ય ....... છે, જેણે મોહરૂપી ...... ને દૂર કર્યો છે. | **ઉદયમાન, મહાઅંધકાર** |

**જય – જિનેન્દ્ર**